**બિડાણઃ** નાયબ સચિવ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાપત્ર નં.પરચ/૧૩૨૦૧૩/૧૬૮૦/મ.૩ તાઃ૨૩.૧૨.૨૦૧૩

**વિષયઃ** મતદાતા જાગૃતિ અભિયાન સંદર્ભમાં જરૂરી માહિતી મોકલવા બાબત....

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૯૩ – ૨૪૨ /૨૦૧૩.** **તારીખઃ૦૪/૦૧/૨૦૧૪.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીખાતેના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.

૨/– ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબ પત્રક–૧ અને પત્રક–૨ પ્રમાણે અધિકારી/કર્મચારીઓની માહિતી આજે બપોરે ૩ઃ૦૦ કલાક સુધીમાં તૈયાર કરી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં હાર્ડ તેમજ સોફટ કોપી (પેન ડ્રાઈવ) માં અત્રેની કચેરીએ અચૂક મોકલી આપવાની રહેશે.

**નોંધઃ–** જે કચેરીની માહિતી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં ન હશે તેની જવાબદારી કચેરીના વડાની પોતાની રહેશે. સદર માહિતી જે–તે કચેરીની અધૂરી કે અપૂરતી જણાશે તો તેની જવાબદારી કચેરીના વડાની રહેશે.

**ટોચઅગ્રતા**

**ચૂંટણી બાબત**

ક્રમાંકઃ- પરચ/૧૩૨૦૧૩/૧૬૮૦/મ.૩

કૃષિ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૩/૧૨/૨૦૧૩

પ્રતિ,

- **વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / એજન્સી/ કૃષિ યુનિવર્સિટીઓ**
- **સેક્શન અધિકારીશ્રી, મ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર**

વિષયઃ- મતદાતા જાગૃતિ અભિયાન સંદર્ભમાં જરૂરી માહિતી મોકલવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે મુખ્ય નિર્વાચન અધિકરી અને અગ્રસચિવ, ગુજરાત સરકારના તા.૨૦/૧૨/૨૦૧૩ના પત્રક્રમાંક-ઈએલસી/૧૦૨૦૧૩/૭૧૮૯૩૩(૧)-છની નકલ તેના બિડાણ સહિત આ સાથે મોકલવામાં આવે છે. પત્રની વિગતો ધ્યાને લઈ તેના બિડાણમાં આપેલ પત્રકો મુજબની માહિતી તૈયાર કરી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં હાર્ડ તેમજ સોફ્ટ કોપીમાં ( સીડી અથવા E-Mail- so-m3-agri@gujarat.gov.in) તા.૩૦/૧૨/૨૦૧૩ સુધીમાં અત્રેને અચૂક મોકલી આપવા વિનંતી છે.

આ બાબતે સામાન્ય વહીવટ વિભાગને વિભાગની માહિતી સમયમર્યાદામાં મોકલી શકાય તેની તકેદારી રાખી આપની માહિતી સમયમર્યાદામાં મોકલી આપવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ

(જે.બી.વાઘેલા)

નાયબ સચિવ

કૃષિ અને સહકાર વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ

30 DEC 2013

મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી

સત્યમેવ જયતે

**અનીતા કરવલ,** આઈ.એ.એસ.
મુખ્ય નિર્વાચન અધિકારી
અને અગ્ર સચિવ,
ગુજરાત રાજ્ય

સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૧૩-૭૧૮૯૩૩(૧)-છ
તા.૨૦/૧૨/૨૦૧૩

પ્રતિ,
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ-મતદાર જાગૃતિ અભિયાન બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષયને લગતાં આ વિભાગના તા.૩૦/૧૧/૨૦૧૩ ના પત્ર પરત્વે ધ્યાન દોરતાં જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ ધ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત SVEEP કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે કેન્દ્ર તથા રાજય સરકારનાં તમામ અધિકારી/કર્મચારીઓ તથા તેમનાં કુટુંબના તમામ લાયક સભ્યોના નામ મતદારયાદીમાં નોંધાયેલ છે કે કેમ, તેની ચકાસણી કરી જરુરી કાર્યવાહી માટે સચિવાલય કક્ષાએ તથા તાબાની કચેરીઓમાં નોડલ ઓફીસરોની નિમણૂંક કરવા ઉકત પત્રથી સૂચના આપવામાં આવી હતી. તદ્નુસાર આપના વિભાગમાં તથા તાબાની કચેરી/જાહેર સાહસોની કચેરીમાં "નોડલ અધિકારી"ની નિયુકિત કરી દેવામાં આવી હશે.

આપના વિભાગના અધિકારી/કર્મચારીઓના નામ મતદારયાદીમાં નોંધાયેલ છે તેની વિગતો મેળવવા માટે CEO વેબસાઈટ ( http://ceogujarat.gov.in) ઉપર સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના મેઈન મેનુમાં "Serch your Name in the Voter list (Electoral Roll )" ઉપર કલીક કરવાથી જે પેજ ખુલે છે તેમાં દર્શાવ્યા મુજબ પ્રથમ મતદાર જે જિલ્લાનો સામાન્ય રહીશ છે. તે જિલ્લો સિલેકટ કરવો, ત્યારબાદ અટક/નામ/પિતા અથવા પતિના નામનાં પ્રથમ ત્રણ અક્ષર (character) લખીને " Search" બટન ઉપર કલીક કરતાં જો તે મતદારનું નામ મતદારયાદીમાં નોંધાયેલ હશે તો મતદારયાદીનો નંબર અને નામ, ભાગ નંબર, અનુક્રમ નંબર તથા મતદારનાં નામ અને સરનામા તથા ઓળખકાર્ડ સંબંધી વિગતો જોવા મળશે. ત્યારબાદ જમણી બાજુએ દર્શાવેલ "View Details " ઉપર કલીક કરતા તે મતદારનાં કુટુંબના સભ્યોના નામ જો મતદારયાદીમાં નોંધાયેલ હશે તો તેની વિગતો પણ જોવા મળશે.

આમ આપના વિભાગના તથા તાબાની કચેરીના કર્મચારી/અધિકારીઓના તથા તેમના કુટુંબના સભ્યોના નામ મતદારયાદીમાં નોંધાયેલ હોય તો તેની વિગતો મેળવીને આ સાથે બીડેલ પત્રકમાં સંબંધીત નોડલ ઓફીસરે તૈયાર કરી લેવાની રહેશે. તેમજ જે અધિકારી/કર્મચારીઓનો કે તેમના કુટુંબના સભ્યોના નામ મતદારયાદીમાં નોંધાયેલ ના હોય અથવા નામની વિગતોમાં કોઈ ભુલ હોય અથવા નામ કમી કરવાનું હોય અથવા સામાન્ય

ELC-10-2013-718933(1)-M.docx

નિવાસ સ્થાન બદલવાથી નામ અન્ય જગ્યાએ નોંધાવવા ઈચ્છતા હોય તો તેઓએ નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

હાલ ૧/૧/૨૦૧૪ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. આ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ તા.૬–૧–૨૦૧૪ ના રોજ કરવામાં આવનાર છે. જે લાયક નાગરિકની ઉંમર તા.૧/૧/૨૦૧૪ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થતી હોય તે નાગરીક તેના સામાન્ય રહેઠાણનાં સ્થળની મતદારયાદીમાં નામ નોંધાવી શકે છે. જે માટે ફોર્મ નં.૬ સંબંધીત અરજદારના રહેઠાણનાં તથા ઉંમરના પુરાવા સાથે ભરીને સંબંધીત મતદાર નોંધણી અધિકારીશ્રીને/ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે આપી શકાશે.

મતદારયાદીમાં નોંધાયેલ મતદાર જો સ્થળાંતર કરી ગયેલ હોય અથવા મતદારનું નામ મતદારયાદીમાં બે જગ્યાએ નોંધાયેલ હોય અથવા મતદારનું અવસાન થયેલ હોય તો તે મતદારનું નામ જે તે સ્થળની મતદારયાદીમાંથી કમી કરવા પાત્ર થતુ હોવાથી તે મતદારનું નામ કમી કરવા માટેનું નિયત નમૂનાનું ફોર્મ નં.૭ જરુરી પુરાવા સાથે રજૂ કરી શકાશે.

મતદારયાદીમાં નોંધાયેલ નામની વિગતમાં જો કોઈ ભુલ હોય તો તે સુધારવા માટે નિયત નમૂનાનું ફોર્મ નં.૮ ભરીને જરુરી પુરાવા સાથે રજૂ કરી શકાશે.

જો મતદાર એક જ વિધાનસભા મતવિભાગના વિસ્તારમાં સ્થળાંતર કરી ગયા હોય તો તે મતદારે નિયત નમૂનાનું ફોર્મ નં.૮ક ભરીને જરુરી પુરાવા સાથે રજુ કરી શકાશે. આ તમામ નમૂના CEO વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન તમામ લાયક નાગરીકોને પોતાનો મતાધિકાર મળી રહે તે માટે મતદારયાદીમાં નામ નોંધાયેલ હોય તે આવશ્યક છે. જે માટે ભારતના ચૂંટણી પંચના આદેશાનુસાર ચૂંટણી તંત્ર ધ્વારા તા.૧૧–૧–૨૦૧૪ થી તા.૨૦–૧–૨૦૧૪ સુધી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જેથી આપના વિભાગના તથા આપના તાબાના ખાતાના વડાની કચેરી તેમજ જાહેર સાહસોના અધિકારીઓ/કર્મચારીઓને ઉપરોકત બાબતે માહિતગાર કરાવીને મતદારયાદીમાં નામ દાખલ કરાવવા માટેની ઝુંબેશમાં ચૂંટણી તંત્રને સહકાર મળી રહે તે માટે જરુરી પગલાં ભરવા સર્વે સંબંધીતોને સૂચના આપવા વિનંતી છે.

**આપના વિભાગ માટે નિયુકત થયેલ નોડલ અધિકારીએ આપના વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ઉપરાંત વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ અને જાહેર સાહસોના અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબના સભ્યોની વિગતો એનેક્ષર–૧ માં નોડલ અધિકારીએ તૈયાર કરીને પોતાની પાસે રાખવાની રહેશે. જયારે એનેક્ષર–૨ માં વિભાગના તથા વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરી અને જાહેર સાહસોના અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબના સભ્યની માહિતી તૈયાર કરીને આ વિભાગને તા.૬–૧–૨૦૧૪ સુધી સંબંધિત નોડલ અધિકારીએ એકત્રિત કરીને મોકલી આપવા વિનંતી છે.**

આપની વિશ્વાસુ,

**(અનીતા કરવલ)**
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજય

## ANNEXURE - I

### અધિકારીઓ/કર્મચારીઓની માહિતી

વિભાગનું નામ : -

| ક્રમ નં. | અધિકારી/કર્મચારીનું પૂરૂં નામ | હોદ્દો | વર્ગ (I/II/III/IV) | મતદાર યાદીમાં નામ નોંધાયેલ છે ? (હા /ના) | જો હા, તો | | | ઓળખકાર્ડ નંબર | કુટુંબના સભ્યોની માહિતી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વિધાનસભા મત વિભાગનો નંબર અને નામ | ભાગ નંબર | અનુક્રમ નંબર | | કુટુંબના ૧૮ વર્ષથી વધુ ઉંમરના સભ્યોની કૂલ સંખ્યા | તે પૈકી મતદાર યાદીમાં નોંધાયેલ હોય તેવા કુટુંબના સભ્યોની કૂલ સંખ્યા |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| ખાતાના વડાની કચેરીનું નામ:- | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| જાહેર સાહસનું નામ:- | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

નોંધ : સબંધિત નોડલ ઓફીસરે આ માહિતી પોતાની પાસે તૈયાર રાખવી.

## ANNEXURE - II

### અધિકારીઓ/કર્મચારીઓની માહિતી

**વિભાગનું નામ : -**

| ક્રમ નં. | વિભાગના અધિકારી/કર્મચારીની કુલ સંખ્યા | કોલમ નં. ૨ પૈકીના મતદાર યાદીમાં નોંધાયેલ અધિકારી/કર્મચારીઓની કુલ સંખ્યા | કુટુંબના ૧૮ વર્ષથી વધુ ઉંમરના સભ્યોની કુલ સંખ્યા | કોલમ નં. ૪ પૈકીના મતદાર યાદીમાં નોંધાયેલ હોય તેવા કુટુંબના સભ્યોની કુલ સંખ્યા | મતદાર યાદીમાં નોંધાયેલ ના હોય તેવા બાકી અધિકારી / કર્મચારી પાસેથી મેળવેલ ફોર્મની કુલ સંખ્યા | મતદાર યાદીમાં નોંધાયેલ ના હોય તેવા કુટુંબના બાકી સભ્યો પાસેથી મેળવેલ ફોર્મની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**ખાતાના વડાની કચેરીનું નામ:-**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**જાહેર સાહસનું નામ:-**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

નોંધ:- નોડલ ઓફિસરે આ માહિતી તૈયાર કરી ચૂંટણી પ્રભાગને મોકલી આપવી.